Vol. 5, Sp. Issue: 12, December: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

# ગુણવત્તાયુક્ત શિક્ષણના કેટલાંક પાસાંઓ સંદર્ભે બી.એડ્. ના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

કિરણબેન જે. પટેલ

## ૧. પ્રાસ્તાવિક

દરેક શિક્ષણ વ્યવસ્થાની પોતાની વિશેષતાઓ અને સમસ્યાઓ હોય છે. આજે વૈશ્વિકીકરણના પરિણામે વિશ્વ સંદર્ભમાં આ વિશેષતાઓ અને સમસ્યાઓને એક નવી આકૃતિ, દિશા અને વેગ મળી રહ્યો છે. ત્યારે ભારતીય શિક્ષણ વ્યવસ્થા અપવાદરૂપ નથી. ભારતમાં પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓથી શરૂ કરીને યુનિવર્સિટી શિક્ષણ સંસ્થાઓનો જે રીતે વ્યાપ વધી રહ્યો છે તે જોતાં ગુણવત્તા યુક્ત શિક્ષણ પહોંચાડવાની નવી સમસ્યા ઉભી થઈ છે, જેની કોઈપણ જાગરૂક રાષ્ટ્ર અવગણના કરી શકે નહીં. આ પ્રશ્ન સંખ્યાત્મક વધારો અને ગુણવત્તા સાર્વત્રિક અને સર્વસુલભ શિક્ષણ વ્યવસ્થાની રચના કરવાનો પણ છે. જેમાં શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓ મોટો ભાગ ભજવે એટલે જ આ સંશોધન કાર્ય માટે બી.એડ્. ના તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## ૨. શબ્દોની વ્યાખ્યા

### *૨.૧ બી.એડ્.ના તાલીમાર્થીઓ*

- માધ્યમિક – શિક્ષણ - પ્રશિક્ષણમાં માધ્યમિક શિક્ષક તરીકે તૈયાર થવાનું શિક્ષણ મેળવતી વ્યક્તિ.
- માધ્યમિક શાળાઓ માટે ધોરણ-૮ થી ૧૦ ના શિક્ષણની તાલીમ લેતા પ્રશિક્ષણાર્થી.

## ૩. સંશોધન હેતુઓ

૧. ગુણવત્તાયુક્ત શિક્ષણમાં વહીવટ અને સંચાલન ક્ષેત્રના સંદર્ભે તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
૨. આચાર્યની કામગીરીની ગુણવત્તાયુક્ત શિક્ષણ પર થતી અસરો અંગે તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
૩. શિક્ષકની કામગરી દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ પર થતી અસરોનો અભ્યાસ કરવો.
૪. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ગુણવત્તાયુક્ત શિક્ષણમાં ભાગીદારી અંગેનો અભ્યાસ કરવો.
૫. ગુણવત્તાયુક્ત શિક્ષણમાંના મૂલ્યાંકન ક્ષેત્રના સંદર્ભે તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

## ૪. સંશોધનનું મહત્ત્વ

જગતની પ્રગતિ માટે જવાબદાર બે પરિબળો છે. વિજ્ઞાન અને સંચાલન અને આ પ્રગતિને ટકાવી રાખનાર બળ એટલે ગુણવત્તા.વર્તમાન સમયમાં માધ્યમિક શિક્ષણ પર આપણા સૌની નજર મંડાયેલી છે, ત્યારે આ પ્રકારનું સંશોધન માધ્યમિક શાળાઓમાં ગુણવત્તા સંદર્ભે વર્તમાનમાં કેવી પરિસ્થિતિ છે તેનો તાગ મેળવવામાં મદદરૂપ બને છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ આજના યુગની માંગ અને આવશ્યકતા છે અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંચાલકો, વહીવટકર્તાઓ, આચાર્ય, શિક્ષક અને સંસ્થાના વિવિધ કાર્યક્રમો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

વર્તમાન સમયમાં જ્યારે અત્યંત ઝડપી વેગે વિવિધ પ્રકારની શિક્ષણ અને શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી રહી છે, ત્યારે ગુણવત્તાનો પ્રશ્ન અત્યંત મોખરે છે. માધ્યમિક શિક્ષણનું વિસ્તરણ ગુણવત્તા સભર બને તે માટે અવિલંબે આંદોલન આવશ્યક છે, જેમાં આ સંશોધન દ્વારા મદદરૂપ નીવડી શકાય છે. માટે સંશોધનકર્તા એ સંશોધન કાર્ય હાથ ધરવા પ્રેરણા મેળવી છે.

### ૫. સંશોધનની મર્યાદા

૧. આ સંશોધન માત્ર એલ.એન.પટેલ એજ્યુકેશન કોલજના ૧૦૦ તાલીમાર્થીઓ પૂરતું મર્યાદિત હતું.
૨. આ સંશોધનમાં બી.એડ્. ના તાલીમાર્થીઓ માટે ત્રિ-બિન્દુ અભિપ્રાયાવલી જે સ્વરચિત હતી તેનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.
૩. પ્રસ્તુત સંશોધનમાં માત્ર સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભિપ્રાયો મેળવી તેનું અર્થઘટન કરી, તારણ મેળવવામાં આવ્યું હતું.
૪. પ્રસ્તુત સંશોધનમાં ગુણવત્તાના વિવિધ પાસાંઓમાંથી માત્ર પાંચ પાસાંઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં વ્યવસ્થાપન અને વહીવટ, આચાર્ય, શિક્ષક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૬. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૭. સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધન માત્ર એક કોલેજ પૂરતું મર્યાદિત હતું, જેમાં કોલેજના ૮૮ તાલીમાર્થીઓના અભિપ્રાયો મેળવ્યાં હતા. તાલીમાર્થીઓમાં ભાઈઓ તેમજ બહેનોનો સમાવેશ થતો હતો.

### ૮. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થીઓ માટે સ્વરચિત ત્રિબિંદુ અભિપ્રાયાવલિનો ઉપકરણ સ્વરૂપે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં હકારાત્મક તથા નકારાત્મક વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૦૫ ક્ષેત્રો વહીવટ અને સંચાલન આચાર્ય, શિક્ષક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક ક્ષેત્રના ૦૫ વિધાનો મૂકવામાં આવ્યા હતા.

### ૯. માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

શ્રી એલ. એન. પટેલ એજ્યુકેશન કોલેજ, કલ્યાણપુરા, તા.કડી, જિ.મહેસાણાના બી.એડ્.ના તાલીમાર્થીઓને એક ખંડમાં બેસાડી યોગ્ય સમજ આપી, અભિપ્રાયવલી માટે અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. જેમાં તાલીમાર્થીઓનો ખૂબ જ સહકાર જોવા મળ્યો હતો.

### ૧૦. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

તાલીમાર્થીઓ પાસેથી પ્રતિચારો મેળવીને પ્રાપ્ત માહિતીનું ટકાવારીથી પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું જે સારણી૧ માં દર્શાવેલ છે.

સારણી ૧: અભિપ્રાયવલી

| | વિધાન | સંમત | તટસ્થ | અસંમત |
|---|---|---|---|---|
| ૧. | વ્યવસ્થાપન અને વહીવટ<br>સંસ્થાના કાર્યાલયમાંથી પૂરતા પ્રમાણમાં મદદ મળી રહે છે. | ૭૯<br>૮૯.૭૭% | ૦૫<br>૫.૬૮% | ૦૪<br>૪.૫૪% |
| ૨. | કર્મચારીઓને કાર્યભાર મુજબ વેતન પૂરૂ પાડવામાં આવે છે. | ૪૯<br>૫૫.૬૮% | ૧૨<br>૧૩.૬૩% | ૨૭<br>૩૦.૬૮% |
| ૩. | અધિકારીઓ કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવામાં રસ ધરાવતા નથી. | ૨૭<br>૨૯.૫૪% | ૨૫<br>૨૮.૪૦% | ૩૭<br>૪૨.૦૪% |
| ૪. | વહીવટી તંત્ર તરફથી કર્મચારીઓ પ્રત્યે પૂર્વાગ્રહ ભર્યો વ્યવહાર થતો હોય છે. | ૨૮<br>૩૧.૮૧% | ૨૭<br>૩૦.૬૮% | ૩૩<br>૩૭.૫૦% |
| ૫. | કર્મચારીઓની જરૂરિયાત મુજબ શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવે છે. | ૫૫<br>૬૨.૫% | ૧૫<br>૧૭.૦૪% | ૧૮<br>૨૦.૪૫% |
| ૬. | મોટાભાગની સંસ્થાઓમાં કર્મચારીઓને વિચાર અભિવ્યક્તિની સ્વતંત્રતા હોય છે. | ૫૭<br>૬૪.૭૭% | ૧૯<br>૨૧.૫૯% | ૧૨<br>૧૩.૬૩% |
| ૭. | આચાર્ય<br>ગુણવત્તાસભર શિક્ષણની પ્રક્રિયામાં આચાર્યની ભૂમિકા મહત્ત્વની હોય છે. | ૮૧<br>૯૨.૦૪% | ૦૪<br>૪.૫૪% | ૦૩<br>૩.૪% |
| ૮. | શાળામાં ઊંચા પ્રકારનું શિક્ષણ આપવા માટે આચાર્યને વિદ્યાર્થીઓ સમગ્ર ચિત્રનો ખ્યાલ હોવો આવશ્યક છે. | ૭૪<br>૮૪.૦૯% | ૦૫<br>૫.૬૦% | ૦૯<br>૧૦.૨૨% |
| ૯. | વિવેચનાત્મક ચિંતન ધરાવતા આચાર્યની હાજરીને કારણે શિક્ષણની ગુણવત્તા વધે છે. | ૬૪<br>૭૨.૭૨% | ૧૮<br>૨૦.૪૫% | ૦૬<br>૬.૮૧% |
| ૧૦. | વિષયવસ્તુ અને પદ્ધતિ પર પ્રભુત્વ ધરાવનાર આચાર્ય ઊંચા પ્રકારનું શિક્ષણ આપી શકે છે. | ૭૨<br>૮૧.૮૧% | ૦૯<br>૧૦.૨૨% | ૦૭<br>૭.૯૫% |
| ૧૧. | આચાર્ય શાળામાં શિક્ષણ કાર્ય કરતા હોય છે. | ૬૦<br>૬૮.૧૮% | ૨૧<br>૨૩.૯૩% | ૦૭<br>૭.૯૫% |
| ૧૨. | દરેક સંસ્થામાં આચાર્યો શિક્ષકોને સરકાર દ્વારા યોજાતી તાલીમમાં મોકલતા હોય છે. | ૫૮<br>૬૫.૯૦% | ૧૫<br>૧૭.૦૪% | ૧૫<br>૧૭.૪% |
| ૧૩. | શિક્ષક<br>ગુણવત્તાયુક્ત શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા ગૌણ હોય છે. | ૧૯<br>૨૧.૫૯% | ૧૩<br>૧૪.૭૭% | ૫૬<br>૬૩.૬૩% |
| ૧૪. | મોટાભાગના શિક્ષકો યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવે છે. | ૫૮<br>૬૫.૯૦% | ૨૧<br>૨૩.૯૬% | ૦૯<br>૧૦.૨૨% |
| ૧૫. | અનુકૂળ પરિસ્થિતિમાં પણ શિક્ષકો પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લેતા નથી. | ૩૯<br>૪૪.૩૧% | ૧૮<br>૨૦.૪૫% | ૩૧<br>૩૫.૨૨% |
| ૧૬. | મોટાભાગના શિક્ષકો તેમની જીવન જરૂરિયાતોને સંતોષવા માટે | ૬૧ | ૧૫ | ૧૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | શિક્ષણ કાર્ય કરતા હોય છે. | ૬૯.૩૧% | ૧૭.૦૪% | ૧૩.૬૩% |
| ૧૭. | શિક્ષકો વર્ગમાં સંપૂર્ણ સજ્જતા સાથે પ્રવેશે છે. | ૪૮<br>૫૪.૧૪% | ૨૨<br>૨૫% | ૧૮<br>૨૦.૪૫% |
| ૧૮. | મોટાભાગના શિક્ષકો તેમના વિષય પર પ્રભુત્વ ધરાવે છે. | ૭૧<br>૮૦.૬૮% | ૧૩<br>૧૪.૭૭% | ૦૪<br>૪.૫૪% |
| ૧૯. | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ<br>શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ આવશ્યક છે. | ૮૧<br>૯૨.૦૪% | ૦૬<br>૬.૮૧% | ૦૧<br>૧.૧૩% |
| ૨૦. | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શિક્ષણ કાર્યમાં અવરોધરૂપ બને છે. | ૧૩<br>૧૪.૭૭% | ૨૦<br>૨૨.૭૨% | ૫૫<br>૬૨.૧૮% |
| ૨૧. | શાળામાં વૈયક્તિક તફાવતો અને રસને પોષે તેવી પ્રવૃત્તિઓની આયોજન કરવામાં આવે છે. | ૪૫<br>૫૧.૧૩% | ૨૪<br>૨૭.૨૭% | ૧૯<br>૨૧.૫૯% |
| ૨૨. | શાળામાં બધાં જ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તેવાં કાર્યક્રમો યોજાય છે. | ૫૨<br>૫૯.૦૯% | ૧૩<br>૪૦.૭૭% | ૨૩<br>૨૬.૧૩% |
| ૨૩. | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ બધાં શિક્ષકોને સાંકળે છે. | ૫૨<br>૫૯.૦૯% | ૧૬<br>૧૮.૧૮% | ૨૦<br>૨૨.૭૨% |
| ૨૪. | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે શાળાનાં સમય ઉપરાંત વધારાનો સમય ફાળવવામાં આવે છે. | ૩૫<br>૩૯.૭૭% | ૧૯<br>૨૧.૫૯% | ૩૪<br>૩૮.૬૩% |
| ૨૫. | મૂલ્યાંકન<br>પરીક્ષાઓ માત્ર ચીલાચાલુ રીતે યોજાય છે, શિક્ષણ પ્રક્રિયાના વિવિધ પાસાંની સુધારણા માટે તેનો ઉપયોગ થતો નથી. | ૬૭<br>૭૬.૧૩% | - | ૨૧<br>૨૩.૯૬% |
| ૨૬. | મોટાભાગના શિક્ષકો પરીક્ષાને લગતી કામગીરી પસંદ કરતા નથી. | ૫૦<br>૫૬.૮૧% | ૨૪<br>૨૭.૨૭% | ૧૪<br>૧૫.૯૦% |
| ૨૭. | વિદ્યાર્થીઓને શિક્ષકો સાથે તેમની પરીક્ષાના પરિણામોની ચર્ચા કરવા માટેની તક આપવામાં આવે છે. | ૩૮<br>૪૩.૧૮% | ૨૯<br>૩૨.૯૫% | ૨૧<br>૨૩.૯૬% |
| ૨૮. | ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આંતરિક મૂલ્યાંકન જરૂરી છે. | ૭૯<br>૮૯.૭૭% | ૦૮<br>૯.૦૯% | ૦૧<br>૧.૧૩% |
| ૨૯. | આંતરિક મૂલ્યાંકન તટસ્થ અને પૂર્વાગ્રહ રહિત થતું હોય છે. | ૩૭<br>૪૨.૦૪% | ૩૯<br>૪૪.૩૧% | ૨૧<br>૨૩.૯૬% |
| ૩૦. | પ્રશ્નપત્ર બનાવવામાં અને ઉત્તરવહીઓ તપાસવામાં પૂરતી કાળજી રાખવામાં આવતી હોય છે. | ૨૪<br>૨૭.૨૭% | ૧૮<br>૨૦.૪૫% | ૪૬<br>૫૨.૨૭% |

## ૧૧. અભિપ્રાયવલીના પ્રતિચારોનું પૃથક્કરણ

### *૧૧.૧ વ્યવસ્થાપન અને વહીવટ*

- સંસ્થાના કાર્યાલયમાંથી પૂરતા પ્રમાણમાં મદદ મળી રહે છે. આ વિધાનમાં મેળવેલ અભિપ્રાયોમાં ક્રમશઃ ૮૯.૭૭% અભિપ્રાયો સંમતમાં મળે જેથી કહી શકાય કે મોટા ભાગે કાર્યાલયમાંથી પૂરતા પ્રમાણમાં મદદ મળી રહેતી હોય છે.
- કર્મચારીઓને કાર્યભાર મુજબ વેતન પૂરૂં પાડવામા આવે છે. આ વિધાનમાં સહમતના પક્ષે ૫૫.૬૮% મળે છે, જ્યારે અસહમતના પક્ષે ૩૦.૬૮% અભિપ્રાયો જોવા મળે છે. જેથી કહી શકાય કે મોટા ભાગની સંસ્થા સંતોષકારક પગારધોરણ અપનાવે છે.
- અધિકારીઓ કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવામાં રસ ધરાવતા નથી, જેમાં સહમતના પક્ષે ૨૯.૫૪% જ્યારે અસંમતના પક્ષે ૪૨.૦૫% અભિપ્રાયો મળ્યા છે. જેના આધારે કહી શકાય કે અધિકારીઓ કર્મચારીઓના પ્રશ્ન ઉકેલવામાં રસ ધરાવતા હોય છે.
- વિધાન ૪ જે વહીવટીતંત્રના કર્મચારીઓ સાથેના વ્યવહારો સાથે સંકળાયેલ છે, જેના સંદર્ભે સંમત પક્ષે ૩૧.૮૧% અને અસંમત પક્ષે ૩૭.૫૦% જ્યારે તટસ્થ પક્ષે ૩૦.૬૮% અભિપ્રાયો જોવા મળે છે, આમ અહીંયા દ્વિધાની સ્થિતિ ઉભી થાય છે.
- વિધાન ૫ જે શૈક્ષણિક જરૂરિયાત પૂરી પાડવાના સંદર્ભે છે, તેમાં સંમત પક્ષે ૬૨.૦૫% તથા અસંમતના પક્ષે ૨૦.૪૫% અભિપ્રાયો મળ્યા જેના આધારે કહીશકાય કે કર્મચારીઓને જરૂરિયાત મુજબ શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવે છે.
- મોટાભાગની સંસ્થામાં કર્મચારીઓને વિચાર અભિવ્યક્તિની સ્વતંત્રતા હોય છે. આ વિધાનના સંદર્ભે સહમતના ૬૪.૭૭%, જ્યારે અસંમત પક્ષે ૧૩.૬૩% અભિપ્રાયો જોવા મળે છે. આમ સંસ્થામાં કર્મચારીઓ પ્રત્યે લોકશાહીભર્યુ વલણ અપનાવાતુ હોય છે.

આચાર્ય

- આચાર્યની જવાબદારી, કામગીરી અને ગુણોને લગતા ૦૬ વિધાનોની સંમતના પક્ષે ટકાવારી અનુક્રમે ૯૨.૦૪, ૮૪.૦૯, ૭૨.૭૨, ૮૧.૮૧, ૬૮.૧૮, ૬૫.૯૦% અભિપ્રાયો જોવા મળે છે. આ પરથી કહી શકાય કે ગુણવત્તા સભર શિક્ષણમાં આચાર્યની ભૂમિકા ખૂબજ મહત્ત્વની છે. અને તે આ કામગીરીને સારી રીતે પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહે છે.

શિક્ષક

- શિક્ષકના સંદર્ભે મૂકેલા વિધાનોમાં ગુણવત્તાયુકત શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા ગૌણ હોય છે, તે વિધાન માટે સંમતના પક્ષે ૨૧.૫૯% જયારે અસંમતના પક્ષે ૬૩.૬૩% અભિપ્રાયો જોવા મળે છે. આમ સ્પષ્ટ કહી શકાય કે શિક્ષકની ભૂમિકા પણ મહત્ત્વની હોય છે.
- મોટાભાગના શિક્ષકો યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવે છે. આ સંદર્ભમાં સંમતના પક્ષે ૬૫.૯૦%, તટસ્થના પક્ષે ૨૩.૯૬%, જ્યારે અસંમતના પક્ષે ૧૦.૨૨% અભિપ્રાયો જોવા મળે છે. જેથી કહી શકાય કે મોટાભાગનાં શિક્ષકો યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવે છે.

- અનુકૂળ પરિસ્થિતિમાં પણ શિક્ષકો પ્રશિક્ષણ કાર્યક્રમમાં ભાગ લેતા નથી, જેમાં સંમતના પક્ષે ૪૪.૩૧% જ્યારે અસમંતના પક્ષે ૩૫.૨૨% અભિપ્રાયો જોવા મળે છે. આ આધારે કહી શકાય કે શિક્ષકો પ્રશિક્ષણ કાર્યક્રમમાં ભાગ લેતા નથી.
- મોટાભાગનાં શિક્ષકો તેમની જીવન જરૂરિયાતોને સંતોષવા માટે શિક્ષણ કાર્ય કરતા હોય છે. જેમાં સંમતના પક્ષે ૬૯.૩૧% જ્યારે અસંમતના પક્ષે ૧૩.૬૩% અભિપ્રાયો જોવા મળે છે. આ પરથી કહી શકાય કે શિક્ષકો તેમની રોજ-બરોજની જરૂરિયાતોને સંતોષવા માટે શિક્ષણ કાર્યમાં જોડાય છે.
- શિક્ષકો વર્ગમાં સંપૂર્ણ સજ્જતા સાથે પ્રવેશે છે તેમજ વિષય પર પ્રભુત્વ ધરાવે છે. આ બંને વિધાનો માટે સંમતના પક્ષે ક્રમશઃ ૫૪.૫૪% અને ૮૦.૬૮% અભિપ્રાયો જોવા મળે છે. જેથી કહી શકાય કે શિક્ષક પૂર્ણ તૈયારી અને વિષયવસ્તુમાં સજ્જ બનીને વર્ગ સમક્ષ ઉપસ્થિત થતા હોય છે.

### *૧૧.૨ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ*

સહઅભ્યાસિક પ્રવૃતિઓની ગુણવત્તાસભર શિક્ષણમાં ભાગીદારીને લગતા ૦૪ વિધાનો માટે સંમતના પક્ષે ક્રમશઃ ૯૨.૦૪%, ૫૧.૧૩%, ૬૯.૦૯% અભિપ્રાયો જોવા મળે છે. આ પરથી કહી શકાય કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે અનિવાર્ય છે. આ પ્રવૃત્તિઓનું આયોજન વૈયક્તિક તફાવતો અને રસને પોષે તેવી રીતે થતું હોય છે. તેમજ બધા જ શિક્ષકો અને વિદ્યાર્થીઓને સાંકળે છે.

- સહઅભ્યાસ પ્રવૃત્તિઓ શિક્ષણકાર્યમાં અવરોધરૂપ બને છે, આ વિધાનના સંદર્ભે સંમત પક્ષે ૧૪.૭૭% અને અસંમતના પક્ષે ૬૨.૫૦% અભિપ્રાયો જોવા મળે છે. જેથી કહી શકાય કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શિક્ષણકાર્યમાં અવરોધરૂપ બનતી નથી.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે શાળાનાં સમય ઉપરાંત વધારાનો સમય ફાળવવામાં આવે છે. આ વિધાનના સંદર્ભે ૩૯.૭૭% સંમત પક્ષે ૩૮.૬૩% અસંમત પક્ષે તેમજ ૨૧.૫૯% તટસ્થ પક્ષે જોવા મળે છે, તેથી કહી શકાય કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે કેટલીક શાળાઓ વધારાનો સમય ફાળવે છે જ્યારે કેટલીક શાળાઓ તેની સમય મર્યાદામાં જ આ કાર્ય કરે છે.
- મૂલ્યાંકન :
- પરીક્ષાઓ માત્ર ચીલા ચાલુ રીતે યોજાય છે, શિક્ષણ પ્રક્રિયાના વિવિધ પાસાંની સુધારણા માટે તેનો ઉપયોગ થતો નથી. આ વિધાનના સંદર્ભે સંમતના ૭૬.૧૩% જ્યારે અસમંતના પક્ષે ૨૩.૯૬% અભિપ્રાય જોવા મળે છે. આમ કહી શકાય કે પરીક્ષા માત્ર ઔપચારિકતા બની રહે છે. તેનો ઉપયોગ વિદ્યાર્થીની પ્રગતિ માટે થતો નથી.
- મોટાભાગના શિક્ષકો પરીક્ષાને લગતી કામગીરી પસંદ કરતા નથી. આ વિધાન માટે સંમત પક્ષે ૪૩.૧૮% , તટસ્થના પક્ષે ૩૨.૯૫% જ્યારે અસંમતના પક્ષે ૨૩.૯૬% અભિપ્રાયો જોવા મળે છે. આ પરથી કહી શકાય કે શિક્ષકો પરીક્ષાલક્ષી કાર્યો કરવાનું ટાળે છે.
- વિદ્યાર્થીઓને શિક્ષકોસાથે તેમની પરીક્ષાના પરિણામોની ચર્ચા કરવાની તક આપવામાં આવે છે. જેમાં ૫૭.૯૫% અને ૨૮.૪૦% અભિપ્રાયો ક્રમશઃ સંમત અને અસંમત પક્ષે જોવા મળે છે. તેના આધારે કહી શકાય કે લગભગ ઘણાં શિક્ષકોને પરીક્ષા પરિણામોની ચર્ચા કરવાની તક મળતી હોય છે.

- ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આંતરિક મૂલ્યાંકન જરૂરી છે. આ વિધાનના સંદર્ભે સંમત પક્ષે ૮૯.૭૭% તેમજ અસંમત પક્ષે ૭.૧૩% અભિપ્રાયો મળે છે. જેથી સ્પષ્ટ કહી શકાય કે શિક્ષણમાં ગુણવત્તા લાવવા આંતરિક મૂલ્યાંકન હોવું જ જોઈએ.
- આંતરિક મૂલ્યાંકન તટસ્થ અને પૂર્વાગ્રહ રહિત થતું હોય છે. જેમાં સંમતના પક્ષે ૪૨.૪% અને તટસ્થના પક્ષે ૪૪.૩% અભિપ્રાયો જોવા મળે છે. આમ આ વિધાન માટે તાલીમાર્થીઓ આંતરિક મૂલ્યાંકનની અનિવાર્યતાને સમજે છે, પરંતુ તે નિષ્પક્ષ ભાવે થતું હોય છે તે અંગે શંકા અનુભવે છે. અને તે અંગેની અભિવ્યક્તિ શી રીતે કરવી તે સમજી શકતા નથી.
- પ્રશ્નપત્ર બનાવવામાં અને ઉત્તરવહીઓ તપસાવામાં પૂરતી કાળજી રાખવામાં આવતી હોય છે, આ વિધાન સંદર્ભે અસંમતના પક્ષે ૫૨.૨૭% અને અસંમતના પક્ષે ૨૭.૨૭% અભિપ્રાયો મળ્યા છે. જે પરીક્ષા ચીલાચાલુ રીતે યોજાય છે, તે વિધાનને બળ આપે છે.

## ૧૨. તારણ

તારણ સ્વરૂપે કહી શકાય કે ગુણવત્તાના વિવિધ ક્ષેત્રોમાં વહીવટીય વ્યવસ્થાપન તંત્ર અનુકૂળ સુવિધાઓ પૂરી પાડતું હોવા છતાંય વિવિધ ક્ષેત્રોમાં અમલીકરણના અભાવને કારણે ગુણવત્તામાં સુધાર જોવા મળતો નથી, જે કાર્યો તટસ્થતા, નિષ્ઠા અને સજાગતા સાથે થવા જોઈએ તે કાર્યો માટે આ મૂલ્યોનું ધ્યાન રખાતું નથી ત્યારે શિક્ષણને કથળતું શી રીત રોકી શકાય ? તે મોટો પ્રશ્ન છે. જેના નિવારણ માટે નવાં-નવાં કાર્યક્રમોનું આયોજન ન કરતા વર્તમાન સમયમાં જાહેર કાર્યક્રમોનું નિષ્પક્ષપણે અમલીકરણ કરાવાય તે જ અગત્યનું છે. આ અંગે વિચારણા કરવા સંશોધકોની વિનંતી.

## સંદર્ભસૂચિ

૧. દેસાઈ, કે. જી. (૨૦૦૦). મનોવૈજ્ઞાનિક માપન (ચતુર્થ આવૃત્તિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૨. યાહ, દિપીકા ભદ્રેશ (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૩. પટેલ, જી. કે. (૨૦૦૨).શૈક્ષણિક વ્યવસ્થાપન (બીજી આવૃત્તિ), ગાંધીનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

૪. મુખોપાધ્યાય, મર્મર (૨૦૦૨). શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન (પ્રથમ આવૃત્તિ), ગાંધીનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.